શ્રમયોગ • સંગઠન • સમૃદ્ધિ

GOVERNMENT OF GUJARAT

NATIONAL HEALTH MISSION

## ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિ. અને નેશનલ હેલ્થ મિશન વચ્ચેનો સમજુતી કરાર

### મેમોરન્ડમ ઓફ અન્ડર્સ્ટેડીંગ

આ મેમોરન્ડમ ઓફ અન્ડર્સ્ટેન્ડીંગ (એમ.ઓ.યુ)ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિ. ના વહીવટ હેઠળના સ્વસહાય જુથોના રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે જોડાણ માટે તા. ૦૯/૦૭/૨૦૧૪ ના રોજ ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ પક્ષકાર તરીકે

ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. (જી.એલ.પી.સી. લી.)કે જે કંપની ધારા ૧૯૫૬ અન્વયે રચાયેલ ગુજરાત સરકાર ની કંપની છે. હવે પછી જી.એલ.પી.સી.લી. તરીકે જેનો ઉલ્લેખ કરવામાં આવશે.

અને

નેશનલ હેલ્થ મિશન વર્ષ ૨૦૦૫-૦૬ માં ભારત સરકારશ્રીનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રાજય નાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં સહયોગથી રાષ્ટ્રીય સ્તરનો ગ્રામીણ આરોગ્ય કાર્યક્રમ નેશનલ રૂરલ હેલ્થ મિશન (રાષ્ટ્રિય ગ્રામીણ સ્વાસ્થ મિશન) ચાલુ કરવામાં આવેલ. જેને વર્ષ ૨૦૧૩-૧૪ નાં વર્ષથી નેશનલ હેલ્થ મિશન (રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન) નામ આપવામાં આવ્યું. હવે પછી નેશનલ હેલ્થ મિશન તરીકે તેનો ઉલ્લેખ કરવામાં આવશે.

GUJARAT LIVELIHOOD PROMOTION CO. LTD. * GANDHINAGAR *

(૧) સ્વસહાય જુથોના આરોગ્ય વિભાગ સાથે જોડાણ

ગુજરાત રાજ્યમાં "મિશન મંગલમ" યોજના સાથે બે લાખ કરતા વધારે સખી મંડળો/સ્વસહાય જુથો જોડાયેલ છે અને વિવિધ પ્રવૃતિઓ કરી રહ્યા છે. આ સ્વસહાય જુથો લાંબા સમય સુધી ટકી રહે અને સશકત બને તે માટે વિવિધ કાર્યવાહી મિશન મંગલમ યોજના દ્વારા કરવામાં આવે છે. આ અનુસંધાને ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે સંકલન કરી તે વિભાગની યોજનાઓ લોકો સુધી પહોંચાડી શકાય અને જેના અમલથી સ્વસહાય જુથોને નાણાંકિય પ્રોત્સાહન મળી રહે તે માટેના પ્રયાસો કરી રહ્યુ છે. આ અનુસંધાનમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે તે વિભાગની વિવિધ યોજનાઓમાં સ્વસહાય જુથોને સાંકળવા બાબતે બન્ને પક્ષકારો પરસ્પર સંકલન અને ધ્યેય સિધ્ધી માટે આ *સ્વસહાય જુથોના આરોગ્ય વિભાગ સાથે જોડાણ* માટે ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આ સંકલનની કામગીરીથી

- સ્વસહાય જુથો ટકાઉ બનશે તથા તેઓ આજીવિકાલક્ષી પ્રવુતિ સાથે જોડાશે
- સ્વસહાય જુથોનું ક્ષમતાવર્ધન થશે
- સ્વસહાય જુથોનાસભ્યોમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓ વિશે લોક જાગૃતિ આવશે અને તેઓ દ્વારા વધુ લોકો સુધી પહોંચી શકાશે.

(૨) એમ.ઓ.યુ સંક્ષિપ્તમાં...

| | | |
|---|---|---|
| પ્રોજેક્ટનું નામ | : | સ્વસહાય જુથોનું આરોગ્ય વિભાગ સાથે જોડાણ |
| કાર્યક્ષેત્ર | : | આજીવિકા સર્જન અને લોકજાગૃતિ |
| પ્રોજેક્ટનો સમયગાળો | : | ૫વર્ષ |
| અંદાજિત આજીવિકાસર્જન | : | ૨૨૧૩૮ સ્વસહાય જુથો * ૧૦ = ૨,૨૧,૩૮૦ સભ્યો |

(૩) ભુમિકા અને જવાબદારી

3.૧: જી.એલ.પી.સી

૩.૧.૧ આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ કામગીરી કરવા માટે સ્વસહાય જુથો ઉપલબ્ધ કરાવવાની જવાબદારી જી.એલ.પી.સી ની રહેશે.



GUJARAT LIVELIHOOD PROMOTION CO.LTD. GANDHINAGAR

## ૩.૨: નેશનલ હેલ્થ મિશન

૩.૨.૧ જનની શિશુ સુરક્ષા યોજના અંતર્ગત સરકારી આરોગ્ય સંસ્થાઓ જ્યાં પ્રસુતિ થાય છે ત્યાં પ્રસુતાને ૪૮ કલાક સંસ્થામાં રાખવાની હોય છે અને તે દરમ્યાન સરકારી આરોગ્ય સંસ્થા દ્વારા તેને ચા, નાસ્તો તથા ભોજન મફતમાં પુરૂ પાડવાનું હોય છે. આ ચા, નાસ્તો તથા ભોજન મફતમાં પુરૂ પાડવાની કામગીરી સ્વસહાય જુથને આપવાની જવાબદારી નેશનલ હેલ્થ મિશનની રહેશે. આ જ પ્રમાણે જે પ્રાથમિક આરોગ્ય અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં "મમતા ઘર" ચાલે છે ત્યાં તથા CMTC (Child Malnutrition Treatment Centre) માં જ્યાંપણ આ પ્રકારની વ્યવસ્થા ગોઠવી શકાય હોય તેમ હોય ત્યાં આ વ્યવસ્થા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવશે.

૩.૨.૨ બેટી વધાવો યોજના અંતર્ગત લોકોમાં જાગૃતિ આવે તથા લોકોને ગર્ભ પરિક્ષણ ન કરાવે અને લોકોને પરિવાર નિયોજન વિશે સમજાવવા માટેની કામગીરી (વ્યક્તિગત કાઉન્સેલીંગ કે જુથ કાઉન્સેલીંગ બન્ને) સ્વસહાય જુથને આપવામાં આવશે.

૩.૨.૩ ગર્ભ પરિક્ષણ કરનાર અને કરાવનારની માહિતી આપવા માટેની (ચેન્જ એજન્ટ) ની કામગીરી સ્વસહાય જુથને આપવામાં આવશે.

૩.૨.૪ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સંસ્થાઓ જેવી કે સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટરોના સફાઇનું કામ સ્વસહાય જુથને આપવામાં આવશે.

૩.૨.૫ સ્વસહાય જુથ દ્વારા વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે તેમાંથી સરકારી આરોગ્ય કેન્દ્રોમાં ઉપયોગી એવા ઉત્પાદનો જેવા કે ફિનાઇલ, ફિનાઇલ ની ગોળીઓ, ટેક્સટાઇલ પ્રોડક્ટ વગેરે સ્વસહાય જુથ પાસેથી આરોગ્ય વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ રેટ કોન્ટ્રાક્ટ અથવા જિલ્લા કક્ષાએ નકકી કરેલ રેટ કોન્ટ્રકટ બેમાંથી જેની કિંમત ઓછી હોય તે મુજબ ખરીદવામાં આવશે.

૩.૨.૬ મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના હેઠળ લાભાર્થીના રજિસ્ટ્રેશનની મદદની કામગીરી સ્વસહાય જુથ ને આપવામાં આવશે.

GUJARAT LIVELIHOOD PROMOTION CO.LTD. GANDHINAGAR

૩.૨.૭ મેનસ્ટ્રુઅલ હાયજીન પ્રોગ્રામ અંતર્ગત ૧૦ થી ૧૯ વર્ષની બાળાઓને તેઓના માસિક ચક્ર દરમ્યાન ચોખ્ખાઇ રહે તે માટે ઉપયોગમાં લેવાતા સેનેટરી નેપકીન મફતમાં આપવા માટે સ્વસહાય જુથો દ્વારા ઉત્પાદિત સેનેટરી નેપકીન આરોગ્ય વિભાગ દ્વારા નકકી કરવામાં આવેલ રેટ કોન્ટ્રકટ પ્રમાણે ખરીદી કરવામાં આવશે.

૩.૨.૮ એબીલીટી ગુજરાત પ્રોગ્રામ અંતર્ગત જરૂરિયાત મંદ વિકલાંગ વ્યક્તિને રજીસ્ટ્રેશન કરાવી અને તેને જરૂરી સર્ટીફીકેટ મેળવી આપવાની કામગીરી સ્વસહાય જુથને આપવામાં આવશે.

૩.૨.૯ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિવિધ કાર્યક્રમોમાં વિવિધ પ્રકારના ફોર્મ ભરવાના હોય છે. આ લાભાર્થીઓને ફોર્મ ભરી આપવાની કામગીરી સ્વસહાય જુથને આપવામાં આવશે.આ ઉપરાંત રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિવિધ કાર્યક્રમો હેઠળની વિવિધ યોજનાઓ/લાભો વિશે ગામલોકોને માહિતગાર કરવા માટે (IEC Session) ની કામગીરી સ્વસહાય જુથને આપવામાં આવશે.

(૪) સ્વસહાય જુથને તાલીમ

૪.૧.૧ સ્વસહાય જુથને ઉપરોક્ત કામગીરી માટે આરોગ્ય વિભાગને સ્પર્શતા વિષયો સિવાયની અન્ય તાલીમો જેવી કે સફાઇ કામ અંગેની તાલીમ, સેનેટરી નેપકીન બનાવવા અંગેની તાલીમ આપવાની જવાબદારી જી.એલ.પી.સી ની રહેશે.

૪.૧.૨ સ્વસહાય જુથ દ્વારા ઉપરોક્ત કામગીરી માટે (૪.૧.૧ માં દર્શાવેલ) કામની ગુણવત્તા જળવાય તે માટેની જવાબદારી જી.એલ.પી.સી. તથા નેશનલ હેલ્થ મિશન બન્નેની રહેશે.

૪.૧.3 આ પ્રોજેક્ટ હેઠળ તમામ પ્રકારની તાલીમ માટે સ્વસહાય જુથ સમયસર હાજર રહે તે અંગેની જવાબદારી જી.એલ.પી.સી ની રહેશે.

૪.૨ નેશનલ હેલ્થ મિશન:

૪.૨.૧ સ્વસહાય જુથને ઉપરોક્ત કામગીરી માટે આરોગ્ય વિભાગને સ્પર્શતા વિષયો અંગેની તાલીમ જેવી કે બેટી વધાવો યોજના હેઠળ યોજનાકીય માહિતી તથા સ્વસહાય જુથ માટે કાઉન્સેલીંગ સ્કીલ ડેવલપ કરવા માટેની તાલીમ, પરિવાર નિયોજન વિશે, મુખ્યમંત્રી

અમૃતમ "મા" યોજના અને એબીલીટી ગુજરાત પ્રોગ્રામ વિશે તથા આ યોજનાઓ હેઠળ લાભાર્થીની નોંધણી કઇ રીતે કરાવવી વગેરે તથા આરોગ્ય વિભાગની કામગીરીને લગતા વિષયો અંગેની તાલીમ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવશે. આ તાલીમો માટે તાલીમ મોડ્યુલ્સ ડેવલપ કરવાની જવાબદારી પણ આરોગ્ય વિભાગની રહેશે.

(૫) સ્વસહાય જુથને માનદવેતન

<u>૫.૧ જી.એલ.પી.સી:</u> આ પ્રોજેક્ટ હેઠળ જી.એલ.પી.સી દ્વારા સ્વસહાય જુથને કોઇ પણ જાતનું માનદવેતન/રકમ ચુકવવામાં આવશે નહિ.

<u>૫.૨ નેશનલ હેલ્થ મિશન:</u>

૫.૨.૧ JSSK, CMTC, મમતાઘર વિ.માં લાભાર્થીઓને ભોજન, વિ. પુરું પાડવાની પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂા.૧૦૦/- ની જોગવાઇ છે. લાભાર્થીઓને ભોજન વિ. આપવા સેલ્ફ હેલ્પ ગ્રુપને ઉપરોકત જોગવાઇમાંથી ચુકવણું કરવામાં આવશે.

૫.૨.૨ સ્વસહાય જુથને કાઉન્સેલીંગ સેશન માટે પ્રતિ માસ પ્રતિ જુથ રૂ. ૫૦૦/- તથા ગર્ભમાં જાતિ જાણવા અંગેના પ્રયત્નોની માહિતી માટે રૂ. ૧૦૦૦/- થી ૨૫૦૦/- જેટલી રકમ ચુકવવામાં આવશે.

૫.૨.૩ આરોગ્ય કેન્દ્રોની સફાઇ કામગીરી માટે જિલ્લા કક્ષાએ કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ રકમ મુજબ જે-તે આરોગ્ય કેન્દ્ર દ્વારા સ્વસહાય જુથને રકમ ચુકવવામાં આવશે.

૫.૨.૪ મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના હેઠળ સ્વસહાય જુથને એક લાભાર્થીના રજિસ્ટ્રેશન માટે રૂ. ૫૦/- ચુકવવામાં આવશે.

૫.૨.૫ મેનસ્ટ્રુઅલ હાયજીન પ્રોગ્રામ યોજના અંતર્ગત સ્વસહાય જુથો દ્વારા ઉત્પાદિત સેનેટરી નેપકીન બજાર કિંમતને ધ્યાને રાખી આરોગ્ય વિભાગ દ્વારા ખરીદી કરવામાં આવશે.

૫.૨.૬ એબીલીટી ગુજરાત પ્રોગ્રામ હેઠળ કામગીરી માટે સ્વસહાય જુથને એક લાભાર્થીના રજિસ્ટ્રેશન માટે રૂ. ૧૫૦/- ચુકવવામાં આવશે.

GUJARAT LIVELIHOOD PROMOTION CO. LTD. * GANDHINAGAR * સત્યમેવ જયતે

૫.૨.૭ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિવિધ કાર્યક્રમોમાં લાભાર્થીઓને વિવિધ પ્રકારના ફોર્મ ભરી આપવાની કામગીરી માટે પ્રતિ ફોર્મ રૂ. ૨૫/- આરોગ્ય વિભાગ દ્વારા ચુકવવામાં આવશે.

૫.૨.૮ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિવિધ કાર્યક્રમો હેઠળની વિવિધ યોજનાઓ/લાભો વિશે ગામલોકોને માહિતગાર કરવા માટે (IEC Session) ની કામગીરી માટે સ્વસહાય જુથને પ્રતિ માસ રૂ. ૫૦૦/- ચુકવવામાં આવશે.

(૬) કામગીરીનું મોનિટરીંગ

૬.૧ સ્વસહાય જુથને સફાઇની કામગીરી આપવા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રી ના અધ્યક્ષ સ્થાને એક કમિટીની રચના કરવામાં આવશે જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નિયામકશ્રી-જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, જિલ્લા RCH અધિકારીશ્રી અને જી.એલ.પી.સી. ના જિલ્લા લાઇવલીહુડ મેનેજરશ્રીનો સમાવેશ કરવાનો રહેશે. આ કમિટી સ્વસહાય જુથને સફાઇ કામગીરી માટે સ્વસહાય જુથના જે તે આરોગ્ય કેન્દ્ર સાથે કરાર (કોન્ટ્રાક્ટ) માટેની કામગીરી કરશે તથા તે અંગેના નિર્ણયો લેશે. આ કમિટીની રચના માટે જરૂરી સુચનાઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને જી.એલ.પી.સી દ્વારા આપવાની રહેશે.

(૭) મહેનતાણાનો જે દર નક્કી કરેલ છે તેમાં સમયાંતરે કામગીરીના મુલ્યાંકન આધારે નિર્ણય લઇ શકાશે.

આ સાથે એ સ્પષ્ટ કરવામાં આવે છે કે બન્ને પક્ષકારો પરસ્પરની સમજુતીથી સ્વસહાય જુથો લાંબા ગાળા માટે સ્વાવલંબી બને તથા આજીવિકા સર્જન સાથે લોકજાગૃતિ ના ઉમદા હેતુથી આ પ્રોજેક્ટ કાર્ય માટે સાથે જોડાયા છે. આ દસ્તાવેજ કોઇ પક્ષને બીજા પક્ષ વિરુધ્ધ કોઇપણ જાતના



GUJARAT LIVELIHOOD PROMOTION CO. LTD. * GANDHINAGAR *

દાવા માટેનો અધિકાર આપતુ નથી. આ ઉપરાંત બન્ને પક્ષકારો બહુ સારી રીતે એ સમજે છે કે આ દસ્તાવેજ કોઇ પક્ષને ભાગીદારી, સંયુક્ત જોડાણ કે અન્ય માળખુ ઉભુ કરવા માટેના કોઇ અધિકાર આપતુ નથી.

નીચે દર્શાવેલ સાક્ષીઓની હાજરીમાં નીચે દર્શાવેલ તારીખ અને સ્થળ પર બન્ને પક્ષકારો દ્વારા સહિ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિ. વતી, | સ્ટેટ હેલ્થ સોસાયટી, (ગુજરાત)<br>નેશનલ હેલ્થ મિશન વતી, |
| નામ: એ.જે.શાહ | નામ: ડૉ.એસ. મુરલી ક્રિષ્ના |
| હોદ્દો: મેનેજીંગ ડિરેક્ટર, | હોદ્દો: મિશન ડિરેક્ટર, |
| ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિ. | નેશનલ હેલ્થ મિશન |
| સંપર્ક: બ્લોક નં. ૧૮/૩, ઉદ્યોગ ભવન, ગાંધીનગર. | સંપર્ક: બ્લોક નં. ૫/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર. |
| કમિશ્નર અને સચિવ-ગ્રામ વિકાસ વિભાગ<br>બ્લોક નં- ૧૬/૩, ડો.જીવરાજ મહેતા ભવન<br>ગાંધીનગર | અગ્રસચિવ અને કમિશ્નર-આરોગ્ય અને તબીબી સેવાઓ<br>બ્લોક નં- ૫/૧, ડો.જીવરાજ મહેતા ભવન<br>ગાંધીનગર |

તારીખ: ૦૯/૦૭/૨૦૧૮

સ્થળ: ગાંધીનગર

GUJARAT LIVELIHOOD PROMOTION CO. LTD. * GANDHINAGAR *